# જેમિમા રોડ્રિગ્સ... આ નામ યાદ રાખજો

માત્ર 18 વર્ષની ઉંમરે ભારત તરફથી ડેબ્યૂ કરવું એ દરેક ક્રિકેટર માટે શક્ય નથી. રાષ્ટ્રીય ટીમ માટે રમવું એ એક વાત છે. ટીમમાંથી બહાર થઈને પાછા ફરવું એ કોઈ સરળ સિદ્ધિ નથી. સૌથી પડકારજનક બાબત એ છે કે એવી ઇનિંગ રમવી જે તમને ઇતિહાસમાં અમર બનાવી દે, ભલે તમે ભારે માનસિક દબાણમાં હોવ. ટીમમાં તમારું સ્થાન હજુ સુધી નિશ્ચિત નથી અને તમને ખબર પણ નથી કે તમે કયા સ્થાન પર બેટિંગ કરશો. હા, વાત અહીં જેમિમા રોડ્રિગ્સ વિશે થઈ રહી છે, જેમણે મહિલા વર્લ્ડ કપ સેમિફાઇનલમાં સદી ફટકારી હતી. તે જ જેમિમાએ ટીમ ઇન્ડિયાની ઇનિંગનો એક છેડો અંત સુધી પકડી રાખ્યો હતો અને ઓસ્ટ્રેલિયાના નવ બોલ બાકી હતા ત્યાં જ ટીમ ઇન્ડિયાને 339 રનના લક્ષ્યાંક સુધી પહોંચવામાં મદદ કરી હતી. જેમિમાએ 134 બોલમાં 14 ચોગ્ગા સાથે અણનમ 127 રન બનાવ્યા હતા. જેમિમાને કારણે જ ભારતે તેનો પહેલો વર્લ્ડ કપ જીતીને ઇતિહાસ રચી દીધો છે. ભારતની મહિલા ક્રિકેટ ટીમ હવે વિશ્વ ચેમ્પિયન છે.

અંગ્રેજીમાં એક કહેવત છે: When the going gets tough, the tough get going. જેમિમા રોડ્રિગ્સનો ભારતીય ટીમમાં સ્થાન મેળવવાનો સંઘર્ષ છેલ્લા કેટલાક સમયથી એવો જ રહ્યો છે. 2022 વર્લ્ડ કપ ટીમમાં પોતાનું સ્થાન ગુમાવવું એ તેના માટે વાસ્તવિકતાની મોટી કસોટી હતી. તે તેના માટે એટલું મુશ્કેલ હતું કે તે આખી રાત રડી હતી. જેમિમાએ પોતે સેમિફાઇનલની મેચ પછી આ વાત શેર કરી હતી, પરંતુ તે હાર માની લે તેવી નહોતી. થોડો માનસિક વિરામ લીધા પછી, તે તેના પહેલા પ્રેમ: ક્રિકેટમાં પાછી ફરી હતી.




મુંબઈમાં સ્થાનિક કોચ સાથે પ્રેક્ટિસ કરી. મુંબઈના મેદાન પર પરસેવો પાડ્યો. સ્થાનિક સર્કિટમાં સૌથી મજબૂત પુરુષ અને મહિલા બોલરો સાથે પ્રેક્ટિસ કરી અને પરિણામો આપણી સામે છે. તેઓ કહે છે કે સફળતા તેમને મળે છે જે હાર માનતા નથી. જેમિમાએ તેની કારકિર્દીમાં ક્યારેય હાર માની નથી. હવે, ઓસ્ટ્રેલિયા સામે મહિલા વર્લ્ડ કપની સેમિફાઇનલમાં તેણીએ એક એવી ઇનિંગ રમી છે જે મહિલા ક્રિકેટના ઇતિહાસમાં હંમેશા માટે અમર રહેશે.

જેમિમાની કહાની પણ જોઈએ. જેમિમાનો જન્મ 5 સપ્ટેમ્બર, 2000ના રોજ મુંબઈના બાંદ્રા વિસ્તારમાં થયો હતો. તે કેથલિક ખ્રિસ્તી પરિવારમાંથી આવે છે. તેના પિતા ઇવાન રોડ્રિગ્સ મુંબઈની એક સ્કૂલ ક્રિકેટ ટીમના કોચ છે. તેમણે જેમિમાને શરૂઆતની તાલીમ પણ આપી હતી. તેની માતા લોરી રોડ્રિગ્સ એક સંગીત શિક્ષક છે. જેમિમા પણ એક કુશળ ગિટાર પ્લેયર અને ગાયિકા પણ છે. મેચો પછી, તે ઘણીવાર તેના સાથી ખેલાડીઓ સાથે ગાતી અથવા ગિટાર વગાડતી જોવા મળે છે. જો કે, જેમિમાનો પહેલા પ્રેમ ક્રિકેટ જ હતો. તેથી, માત્ર 18 વર્ષની ઉંમરે જેમિમાએ 2018માં દક્ષિણ આફ્રિકા સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ક્ષેત્રે પ્રવેશ કર્યો હતો. તે સમયે, તેણીને 'બેબી ઓફ ધ સ્ક્વોડ' કહેવામાં આવતી હતી. પરંતુ હવે, તે જ 'બેબી'એ ઇતિહાસ રચ્યો છે.




**ભારતને ફાઇનલમાં પહોંચાડી વર્લ્ડ ચેમ્પિયન બનવામાં મહત્ત્વનું યોગદાન જેણે આપ્યું છે એ જેમિમા રોડ્રિગ્સની કહાની આજનાં યુવાનોને એવું કહે છે કે સફળતા ફક્ત પ્રતિભા દ્વારા જ નહીં, પરંતુ સંઘર્ષ, ધીરજ અને આત્મવિશ્વાસ દ્વારા પણ મળે**

**વિકલ્પ**
★ દીપક આશર

જેમિમાની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ખરેખર વિદેશી લીગમાં ઉગી નીકળી હતી. પહેલા તેને ઇંગ્લેન્ડની કિયા સુપર લીગ (કેએસએલ)માં રમવાની તક મળી હતી. ત્યાં તેણીએ 57.28ની એવરેજ સાથે અને 149.62ના સ્ટ્રાઇક રેટ સાથે 401 રન બનાવ્યા હતા. ત્યારબાદ તેણીએ ઇંગ્લેન્ડની ધ હંડ્રેડ, ઓસ્ટ્રેલિયાની વિમેન્સ બિગ બેશ લીગ અને વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યુપીએલ)માં પોતાની ઇમેજ બનાવી હતી. વિદેશી લીગમાં તેણીના પ્રદર્શનથી તેણીનો આત્મવિશ્વાસ માત્ર વધ્યો જ નહીં, પરંતુ તેણીને વૈશ્વિક ક્રિકેટ સ્ટાર પણ બનાવી હતી. જેમિમાની નીડર બેટિંગ શૈલીના કારણે આજે તેણી વિશ્વની શ્રેષ્ઠ મિડલ-ઓર્ડર બેટ્સમેનોમાંની એકમાં ગણના થવા લાગી છે.

જો કે, આ વર્લ્ડ કપમાં પણ જેમિમાની શરૂઆત ખરાબ રહી હતી. તે પહેલી જ મેચમાં ખાતું ખોલ્યા વિના પેવેલિયન પરત ફરી હતી. તેણીને સીઝનના મધ્યમાં ટીમમાંથી પણ બહાર કરી દેવામાં આવી હતી. ન્યૂઝીલેન્ડ સામેની કરો-ઓર-મરો મેચમાં પેવેલિયન પરત ફર્યા બાદ જેમિમાએ ત્યારથી પાછળ વળીને જોયું નથી. ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઇનલમાં પણ, તે બીજી ઓવરમાં ક્રીઝ પર આવી હતી ને અંત સુધી પીચ પર રહી હતી. ટીમ ઇન્ડિયાનો વિજય સુનિશ્ચિત કર્યા પછી જ પરત આવી હતી. જેમિમાએ 50 અને ત્યારબાદ 100 રન ફટકાર્યા પછી જે રીતે ઉજવણી કરી હતી તેનાં પરથી સ્પષ્ટ હતું કે ટીમ ઇન્ડિયાને લક્ષ્ય સુધી પહોંચાડીને જ રહેશે. તેના દૃઢ નિશ્ચયનો અંદાજ લગાવી શકતો હતો. જો કે, જેમિમાએ સેલિબ્રેશન મેચ જીત્યા પછી જ કર્યું હતું, જ્યાં તે પોતાની લાગણીઓને કાબૂમાં રાખી શકી નોહતી.

મેચની વાત કરીએ તો, શેફાલી વર્માના આઉટ થયા પછી જેમિમાને બીજી ઓવરમાં જ ક્રિઝ પર આવવું પડ્યું હતું, તેણીએ ધાર્યું હતું કે તે 5મા નંબર પર બેટિંગ કરશે, પરંતુ ટીમ મેનેજમેન્ટે તેને થોડા સમય પહેલા જ જાણ કરી દીધી હતી કે તેણીએ 3જા નંબર પર બેટિંગ કરવી પડશે. 339 રનના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે લાંબી ભાગીદારી મહત્ત્વપૂર્ણ હતી. જેમિમા અને સ્મૃતિએ સારી શરૂઆત કરી, પરંતુ સ્મૃતિ ખૂબ જ ખરાબ બોલ પર આઉટ થઈ ગઈ હતી.

ત્યારબાદ જેમિમા અને હરમનપ્રીતે 167 રનની ભાગીદારી કરી, જેનાથી ભારતનો સ્કોર 2 વિકેટે 59 થી 3 વિકેટે 226 થઈ ગયો હતો. ટીમ ઇન્ડિયાને જીતવા માટે હજુ 113 રનની જરૂર હતી. જેમિમા પણ થાકેલી દેખાતી હતી. જો કે, પહેલા દીપ્તિ અને પછી રિચાની વિસ્ફોટક ઇનિંગ્સે જેમિમા પરનું દબાણ ઓછું કર્યું હતું. જેમ જેમ જેમિમા લક્ષ્યની નજીક પહોંચતી ગઈ, તેમ તેમ તેણી ખુલીને રમવા લાગી હતી. અંતે, અમનજોત સાથે નવ બોલ બાકી હતા ત્યારે જ ભારતને વિજય અપાવ્યો હતો. જેમિમાની ઇનિંગ વિશે સૌથી નોંધપાત્ર વાત એ હતી કે તેણીએ ક્યારેય રન રેટના દબાણને પોતાના પર હાવી થવા દીધું નહીં અને આજે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ વર્લ્ડ ચેમ્પિયનના ખિતાબ જીતવામાં સફળ રહી છે.

જેમિમા રોડ્રિગ્સની કહાની એવું કહે છે કે સફળતા ફક્ત પ્રતિભા દ્વારા જ નહીં, પરંતુ સંઘર્ષ, ધીરજ અને આત્મવિશ્વાસ દ્વારા પણ મળે છે. ભારતીય ટીમ આશા રાખશે કે જેમિમાનું ફોર્મ 2 નવેમ્બરે દક્ષિણ આફ્રિકામાં પણ ચાલુ જ રહેશે.

આ દરમિયાન ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર નાસીર હુસૈનનું એક ટ્વીટ વાયરલ થઈ રહ્યું છે, જેમાં તેણે જેમિમા રોડ્રિગ્સ વિશે એક ભવિષ્યવાણી કરી હતી. ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન નાસીર હુસૈન 2018માં ભારત આવ્યા હતા. જેમિમા રોડ્રિગ્સએ ટીમ ઇન્ડિયા માટે ડેબ્યૂ કર્યું હતું. આ સમય દરમિયાન, ભૂતપૂર્વ કેપ્ટને તેના પર કેટલાક થ્રોડાઉન ફેંક્યા હતા. તે તેની કુશળતાથી એટલો પ્રભાવિત થયો હતો કે તેણે તરત જ તેના વિશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. નાસીરે લખ્યું, આ નામ યાદ રાખજો... જેમિમા રોડ્રિગ્સ... મેં તેની સાથે કેટલાક થ્રોડાઉન કર્યા... તે ભારત માટે સ્ટાર બનવાની છે.